Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||
|| શ્રી ગણેશાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✻ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✻

May 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૬ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૫/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### નિર્ણાયક ઘડી

આપણા જીવનકાળમાં પાટી-પેનથી શરૂ થયેલ યાત્રા નોટબુક-પેનથી આગળ વધીને આજે નોટપેડ-લેપટોપ તરફ આગળ વધી રહી છે તે ઘડીએ આપણું ૧૧+૪ ના માળખાને ૧૦+૨+૩ અને હવે તો ૧૦ બાદ ની અસંખ્ય શાખાઓને સમજવી અટપટી લાગે.

પણ આજનો વિદ્યાર્થી ૧૦ બાદ કલા, વિજ્ઞાન કે વાણિજયથી પણ અન્ય શાખા અને કોઈ એક વિષય તરફ નિષ્ણાંત બનતો જાય છે એવી ક્ષણોમાં વડીલોને ખ્યાલ પણ ન હોય તેવા વિષયો ઉપર અભ્યાસ બદલ માર્ગદર્શન આપવું એ અંધારામાં તીર મારવા બરાબર બની રહે છે.

વળી ક્યાંક વડીલોનો હઠાગ્રહ કે મિત્ર વર્તુળની દેખાદેખી કે સામાજીક, રાજકીય પરિબળો વિદ્યાર્થીની ઈચ્છા ન હોવા છતાં પરિબળોને આધીન થઈને અભ્યાસ કરતો હોય છે જે તેના સર્વાંગી વિકાસ તરફ આગળ વધતા રોકે છે અને તેના પરિણામ સ્વરૂપ અભ્યાસને અધ વચ્ચે મૂકીને દબાણ હેઠળ અભ્યાસ કરતો હોય તેવું અનુભવતો હોય છે.

આવી ૧૦ કે ૧૨ કે ઉચ્ચ અભ્યાસ વેળા વિદ્યાર્થી અંગે લેવાયેલ નિર્ણય તેના અભ્યાસ કાળ માટે પાયાનો પથ્થર સાબિત થતો હોય છે અને અગર યોગ્ય પસંદગી કરવામાં અસફળ થઈએ તો પુરા જીવન પર્યંત

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

### રાહત દરે નોટબુક વિતરણ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ વિદ્યાર્થીઓના લાભાર્થે રાહતના દરે નોટબુક વિતરણનું આયોજન કરવામાં આવેલ છે. નોટબુકના રજીસ્ટ્રેશન માટે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈની વેબસાઈટ http://kkpgtrustmumbai.org અથવા મોબાઈલ એપ્લિકેશન પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત છે તો સર્વે વિદ્યાર્થીઓને નિવેદન છે કે તા. ૦૧/૦૫/૨૦૨૫ થી તા. ૧૫/૦૫/૨૦૨૫ સુધી પોતાની જરૂરિયાત પ્રમાણે નોટબુકનું રજીસ્ટ્રેશન કરાવી લેશો.

**ખાસ નોંધ :**

૧) વિદ્યાર્થીઓ ધોરણ પ્રમાણે નક્કી કરેલી કિંમતની અંદર પોતાને મનગમતી રેગ્યુલર નોટબુક લઈ શકશે.

૨) રજીસ્ટ્રેશનમાં જો કોઈ તકલીફ આવે તો નીચે આપેલ ભાઈઓનો સંપર્ક કરશો.

૩) જે પણ વિદ્યાર્થીએ તા. ૧૮-૦૫-૨૦૨૫ સુધી ઓનલાઈન બુકિંગ નહીં કર્યું હોય તેમને રાહતના દરે નોટબુક આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેશો.

૪) નોટબુક વિતરણની તારીખ ૦૭-૦૬-૨૦૨૫ રહેશે.

૫) નોટબુક વિતરણના સ્થળ ઘાટકોપર / બોરીવલી / ડોંબીવલી વાડી ખાતે રાખેલ છે. સમય : સવારે ૯.૦૦ કલાક થી બપોરે ૧.૦૦ કલાક સુધી.

નોંધ : વિતરણના દિવસે જો એકસ્ટ્રા નોટુબુક હશે તો, વહેલા તે પહેલાના ધોરણે મળશે, જેની આપ સહુ નોંધ લેશો. જેનો સમય બપોરે ૧.૦૦ કલાકે થી ૨.૦૦ કલાક સુધી રહેશે.

| | | | |
|---|---|---|---|
| **સંપર્ક સૂત્ર :** | **વેસ્ટર્ન વિસ્તાર** | **વૃતિક રામાણી** | **૭૭૩૮૬ ૨૭૪૬૦** |
| | **સેન્ટ્રલ વિસ્તાર** | **કાર્તિક સેંઘાણી** | **૯૯૮૭૭ ૬૫૦૫૧** |
| | **નોર્થ વિસ્તાર** | **દેવાંગ પોકાર** | **૭૦૨૧૧ ૨૧૨૧૧** |

**લી. ચેરમેન : શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી - મે.ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ શીવજી ભીમાણી**

## જ્ઞાતિજનો જોગ

આ બાબત જણાવતા અમને આનંદ થાય છે કે આપણા ટ્રસ્ટને સી.એસ.આર. સર્ટીફિકેટ મળી ગયું છે આ સર્ટિફીકેટ મળતાં ટ્રસ્ટ ફંડમાં આવતી દાનની રકમને ટેક્સમાં છૂટનો ફાયદો થાય છે, આ બાબતની સર્વે જ્ઞાતિજનો નોંધ લે અને દાન કરવા ઈચ્છુક વ્યક્તિ ટ્રસ્ટ ફંડનો સંપર્ક કરી શકે છે.

**લી. ચેરમેન : કાંતિલાલ સેંઘાણી - મેનેજીંગ ટ્રસ્ટી : શાંતિલાલ ભીમાણી**

સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ

મહિલા મંડળ મુંબઈના રજત જયંતી વર્ષના કાર્યક્રમોની શૃંખલામાં 'એક કદમ સનાતન કી ઓર' અંતર્ગત સંગીતમય સુંદરકાંડ પઠન પરમ પૂજ્ય શ્રી ઓમજી સ્વામીના સાનિધ્યમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે તારીખ ૧૨-૦૪-૨૦૨૫ શનિવાર બપોરેના ૨.૩૦ કલાકે ડોંબીવલી પાટીદાર ભવન ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, મહામંત્રી શ્રીમતી પુનમબેન રામજીયાણી, આઈ.પી.પી., ખજાનચી દીપ પ્રાગટ્યના દાતા શ્રીમતી સવિતાબેન શાંતિલાલ ભીમાણી પરિવાર, ટ્રસ્ટ ફંડ મુંબઈનાં ટ્રસ્ટીશ્રીઓ, યુવા મંડળ મુંબઈનાં પ્રમુખશ્રી, શ્રી ઓમજી સ્વામી, મુંબઈ ઝોનના મહામંત્રી, એવમ્ સ્થાનિક મહિલા મંડળ, સમાજ, યુવા મંડળના પ્રમુખ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મહામંત્રી પુનમબેન દ્વારા આવેલ જ્ઞાતિજનોના શાબ્દિક સ્વાગત બાદ માનવંતા દાતાશ્રીઓનું સન્માન મહિલા મંડળના પ્રમુખ અને હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું. ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણીએ પધારેલ સૌ જ્ઞાતિજનોને સંબોધીને ભલામણ કરી કે હમણાં જેવો માહોલ ચાલી રહ્યો છે ત્યારે હિદુત્વની જાગૃતિ લાવવી જરૂરી છે. ત્યારબાદ શ્રી ઓમજી સ્વામીએ સુંદરકાંડનું સરળ અને સંગીતમય પઠન કરી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું. પાંચસોથી અધિક જ્ઞાતિજનોએ સુંદરકાંડ પુસ્તિકાના દાતા શ્રીમતી હેમિકાબેન વિરેન્દ્ર પોકાર પરિવાર દ્વારા વિતરીત કરેલ પુસ્તિકામાંથી પઠન કરી કેસરીનંદનનાં જન્મોત્સવ નિમિત્તે જાણે કેસરી ક્રાંતિ આવી હોય એમ સર્વત્ર જોશ પવિત્ર અને આનંદમય વાતાવરણની અનુભૂતિ થઈ રહી હતી. સુંદરકાંડ પઠનના અંતમાં શ્રી ઓમજી સ્વામી દ્વારા સ્વરચિત ભજન સંભળાવી ભક્તિ રસપાન કરાવી પોતાની વાણીને વિરામ આપ્યો હતો. ત્યારબાદ આરતીનાં દાતા શ્રીમતી દેવકાબેન કાનજી શીરવી પરિવાર દ્વારા હનુમાનજીની આરતી કરવામાં આવી હતી અને હનુમાનજીના લોટના એટલેકે પ્રસાદના દાતા શ્રીમતી કસ્તુરબેન શાંતિલાલ ભગત પરિવાર દ્વારા હનુમાન દાદાને પ્રસાદ ધરાવી સર્વેજનોમાં વહેંચવામાં આવ્યો. કાર્યક્રમના અંતમાં સહમંત્ર શ્રીમતી લીનાબેન પોકાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. અંતમાં સહુ મહાપ્રસાદ લઈ જીવન પાવન થયાના ભાવ સાથે છુટ્ટા પડ્યા.

### * તેજસ્વીની *

મહિલા મંડળ મુંબઈ લઈને આવી રહ્યું છે ''તેજેસ્વીની'' સહ્યાદ્રિની સુંદર પર્વતમાળા વચ્ચે રમણીય હિલ સ્ટેશન ''મહાબળેશ્વર'' જ્યાં છત્રપતિ શિવાજી મહારાજે પ્રતાપગઢ પર હિન્દુત્વનો ધ્વજ લહેરાવી શોર્યગાથા ચારેકોર ફેલાવી હતી એ ભૂમિ પર માઁ તુળજા ભવાનીનાં આશીર્વાદ લઈ દરેક સ્ત્રીશક્તિને આત્મ સક્ષમ અને તેજસ્વી બનાવવા ડૉ. શ્રી અર્ચનાબેન ત્રિવેદીના સાનિધ્યમાં શોર્યના સંસ્કરણ સાથે મનોરંજન અને પંચગીની તથા મહાબળેશ્વર સાઈટ સીન સાથે ત્રણ રાત્રી ચાર દિવસીય રોકાણ માટે જલ્દી થી જલ્દી નામ નોંધાવી પોતાની સીટ કન્ફર્મ કરી લઈએ. સીટ લીમીટેડ છે.

**તારીખ ૨૩-૦૬-૨૦૨૫ થી ૨૬-૦૬-૨૦૨૫**

**વય મર્યાદા : ૧૧ વર્ષ થી ૫૦ વર્ષની ફક્ત સ્ત્રીઓ માટે**

**વધુ માહિતી માટે સંપર્ક સુત્ર**

(૧) પુનમબેન રામજીયાણી (ઘાટકોપર) ૯૮૭૦૦૯૮૮૩૫

(૨) લીનાબેન પોકાર (થાણા) ૯૮૬૯૫૫૧૧૭૪

(૩) જ્યોતિબેન છાભૈયા (બોરીવલી) ૯૮૭૦૩૬૧૮૫૮

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ ટુંક સમયમાં લઈને આવી રહ્યું છે જેની આપ સૌ રાહ જોઈ રહ્યા હતા તે શક્તિપીઠ યાત્રા જેની વધુ માહિતી થોડા જ સમયમાં આપને જણાવવામાં આવશે.**

**પ્રમુખ : શ્રીમતી વર્ષાબેન દિવાણી**

**સહમંત્રી : શ્રીમતી પુનમબેન રામજીયાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ] ચુંટણી પંચ ૨૦૨૫-૨૦૨૮

સામાન્ય સભા તા. ૧૬-૦૩-૨૦૨૫ના રોજ ચૂંટણી પંચની સર્વાનુમતે નીમણુંક થયા બાદ આજ રોજ ચૂંટણી પંચની સભા ઘાટકોપર વાડીમાં મળેલ જેમાં હોદ્દેદારોની નિમણુંક કર્યા બાદ ચૂંટણી કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧૮/૧૯ જુન ૨૦૨૫ | ના ઉમેદવારી પત્રક આપવા - સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર |
| ૨૨/૨૩ જુન ૨૦૨૫ | ભરેલા ફોર્મ સ્વીકારવા - સમય : ૩.૩૦ થી ૬.૦૦ કલાકે |
| ૨ જુલાઈ ૨૦૨૫ | ફોર્મ ચકાસણી કરી ત્રણે વાડીમાં લીસ્ટ લગાડવું |
| ૩ જુલાઈ ૨૦૨૫ | ના રદ્દ કરેલ ફોર્મના ઉમેદવાર સાથે ખુલાસા, ઘાટકોપર વાડીમાં ૩.૩૦ થી ૬.૦૦ |
| ૧૭ જુલાઈ ૨૦૨૫ | ચુંટણી પંચ સાથે ઉમેદવારોની સંયુક્ત બેઠક - ફરજીયાત હાજરી<br>સમય : બપોરે ૩.૩૦ થી ૬.૦૦ * સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર |
| ૨૭/૭/૨૦૨૫ | ના ટ્રસ્ટીઓ માટે ચુંટણી .....મતદાન દ્વારા<br>સમય : ૮.૩૦ થી ૫.૩૦ સુધી ઝોન પ્રમાણે * સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર ત્થા અન્ય જગ્યા ચુંટણીપંચ જે નક્કી કરે તે. |
| ૨૮ જુલાઈ ૨૦૨૫ | ના મત ગણતરી સવારના ૯.૦૦ થી મતગણતરી બાદ જાહેરાત અને સામાન્ય સભા |

કન્વિનિયર (અધ્યક્ષ) : ૧ શ્રી છગનલાલ નાનજી રામજીયાણી

સહકન્વિનિયર ૨ શ્રી ગાંગજી નારણ સેંઘાણી, ૩ શ્રી ભરત રતનશી પોકર, ૪ શ્રી કાંતિલાલ લખમશી લીંબાણી, ૫ શ્રી સામજી નારણ નાકરાણી

## શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - થાણા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ થાણાની વર્ષ એપ્રિલ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૮ સુધી (ત્રણ વર્ષની) મુદત માટે ૧૧ ટ્રસ્ટીઓની નીમણુંક માટે ચુંટણી પંચે પરિપત્ર બહાર પાડવામાં આવેલ જેમાં ૧૭ ઉમેદવારો ફોર્મ ભરેલ જેમાં ૬ ઉમેદવારે ફોર્મ પાછા ખેચતા ૧૧ ટ્રસ્ટીઓની બિન વિરૂદ્ધ વિજેતા ચુંટણી પંચે જાહેર કરેલ જેમાં નીચે મુજબના ટ્રસ્ટીઓ ચુંટાઈ આવેલ.

| | | |
|---|---|---|
| ૧) નરોત્તમભાઈ વિરજી જબુવાણી | પ્રમુખ | દોલતપર |
| ૨) કિશોરભાઈ રતનશી શેઠીયા | ઉપપ્રમુખ | ઘડુલી |
| ૩) શંકરલાલ ઈશ્વરભાઈ ગોરાણી | ઉપપ્રમુખ | કલ્યાણપર |
| ૪) ચીમનલાલ રામજી ચોપડા | મહામંત્રી | જીયાપર |
| ૫) કુંવરજીભાઈ પરબત જબુવાણી | સ.મંત્રી | દોલતપર |
| ૬) અશોકભાઈ છગનભાઈ ગોરાણી | સ.મંત્રી | કલ્યાણપર |
| ૭) ભવાનજીભાઈ ધનજી જબુવાણી | ખજાનચી | દોલતપર |
| ૮) જગદીશભાઈ માનણ પારસીયા | સ. ખજાનચી | મોટા ધાવડા |
| ૯) હરેશભાઈ રવજી બાથાણી | ટ્રસ્ટી | કોટડા જડોદર |
| ૧૦) યોગેશભાઈ લખમશી પોકાર | ટ્રસ્ટી | કાદિયા મોટા |
| ૧૧) કિશોરભાઈ માવજી લીંબાણી | ટ્રસ્ટી | કોટડા જડોદર |

આ રીતે સર્વે ટ્રસ્ટીઓની નીમણુંક કરવામાં આવેલ જેમાં ચુંટણી પંચની સેવા આપેલ તે નીચે મુજબ છે.

(૧) શ્રી દામજીભાઈ પરબત જબુવાણી
(૨) શ્રી ગીરધરભાઈ ગોપાલ લીંબાણી
(૩) શ્રી શાંન્તીલાલ કરશન ગોરાણી
(૪) શ્રી કાંન્તીભાઈ લખમશી લીંબાણી
(૫) શ્રી પ્રભુદાસ વાલજી દિવાણી

ચુંટણી પંચ તરફથી શ્રી કાંન્તીલાલ લખમશી લીંબાણી સર્વે ટ્રસ્ટી તથા જેમણે ૬ ટ્રસ્ટીઓએ ફોર્મ પાછા ખેચ્યા તેમનો આભાર વ્યક્ત કરેલ અને સાથે જણાવ્યું કે જ્યારથી થાણા સમાજની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી આપણી સમાજમાં ચુંટણી થયેલ નથી તે પરંપરા કાયમ ચાલતી રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

**લી. પ્રમુખ : નરોત્તમભાઈ વીરજી જબુવાણી**
**મહામંત્રી : ચીમનલાલ રામજી ચોપડા**

***

**શ્રી ઘાટકોપર ક.ક.પા. સનાતન સમાજ....** પાના નં. ૪થી ચાલુ...

| | | |
|---|---|---|
| જીગ્નેશ બાબુલાલ ચૌહાણ | કન્વીનર | ૯૮૨૧૦૧૧૩૪૪ |
| જગદીશ કાનજીભાઈ માકાણી | સહ કન્વીનર | ૯૮૬૭૬૨૯૧૬૪ |
| રાજેન્દ્ર ઉમરશીભાઈ પોકાર | સહ કન્વીનયર | ૯૩૨૩૬૪૦૯૮૯ |
| મનસુખ રણમલ સાંખલા | સહ કન્વીનયરસ | ૯૮૯૨૨૩૬૪૯૬ |

**આપણી જ્ઞાતિના મુંબઈમાં વસતા દરેક જ્ઞાતિજનોને લાભ લેવા માટે આવકાર્ય છે.**

ઉપરોક્ત કેમ્પની વધુ જાણકારી માટે સમિતિ સભ્યોનો સંપર્ક કરશો.

**લી. પ્રમુખ : શ્રી પ્રફુલ રસીકભાઈ નાકરાણી : ૯૮૨૦૪૨૩૪૪૮**
**મહામંત્રી : શ્રી રૂપેશ ડાહ્યાભાઈ સાંખલા : ૯૮૧૯૭૮૫૯૫૫**


## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત
## સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ


OJAS SMART MOVE, SMART LIFE

### સ્લીપ્ડ ડીસ્ક
### (દવા વગર કુદરતી ઉપચાર)

- કરોડરજ્જુ એ વર્તુળાકાર હાડકા જેને મણકા કહેવાય છે તેની શૃંખલા ની બનેલી છે.જે મગજમાંથી આવતી નસો નું રક્ષણ કરે છે
- આ મણકાઓને ડીસ્ક દ્વારા ગાદી (કુશન) મળે છે. જે ઝટકાઓને શમાવે છે અને મણકાઓને લવચીકપણું આપે છે.
- આ ડીસ્કમાં વચ્ચેનો ભાગ સુંવાળો જેલ (Gel) જેવો હોય છે અને એની ફરતે સખત રેસાઓની રીંગ હોય છે.
- સ્લીપ્ડ ડીસ્ક એ એક એવી સ્થિતિ છે જેમાં આ બહારની રીંગ ફાટી જાય છે જેને કારણે વચ્ચેનો સુંવાળો જેલ જેવો ભાગ તેમાંથી બહાર આવી જાય છે અથવા તૂટી જાય છે.
- કરોડરજ્જૂ એ નસો અને રક્તવાહિનીઓનું તંત્ર છે. જેથી સ્લીપ્ડ ડીસ્ક થાય તો કરોજરજ્જૂની નસો પર ખૂબ દબાણ અને સંકોચન થાય છે, જેના કારણે તીવ્ર દુ:ખાવો થાય છે. અંગોમાં શૂન્નપણું આવી જાય છે.
- કમર ના ભાગ પર સ્લીપ્ડ ડીસ્ક થવાના કેસીસ સામાન્ય થઈ ગયા છે. અને દુખાવા ને દૂર કરવા માટે નીચેના પોઇન્ટ લગાડો.

આ ડીસ્કમાં વચ્ચેનો સુંવાળો જેલ જેવો ભાગ તેમાંથી બહાર આવી જાય છે જે ચિત્ર માં કાળા રંગ નું બિંદુ કરેલું છે.




ડાબા હાથ ની પહેલી આંગળીમાં મેથી, બીજી અને ત્રીજી આંગળીઓ વચ્ચે ૫ મગના દાણા તેમજ ત્રીજી આંગળીમાં ચક્રા મેગ્નેટ લગાડો
(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

વિશેષ : દરરોજ કમર ના ભાગ પર મન કેન્દ્રિત કરી એના બધા કોષ કોષિકા અને નાભિક માં પ્રાણ ની પોઝિટિવ ઊર્જા આપી શકાય છે

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

**ચૂંટણી પંચ ૨૦૨૫-૨૦૨૮....** પાના નં. ૧થી ચાલું...

નો અફસોસ રહી જતો હોય છે.

આવી નિર્ણયાક ઘડી વેળા હવે યુનિવર્સીટી, સરકાર કે સમાજ દ્વારા યોગ્ય માર્ગદર્શનની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે જેના દ્વારા વોકેશનલ ગાઈડન્સ થકી તૈયાર કરેલ પ્રશ્ન પત્રોના પ્રત્યુતર દ્વારા આસાનીથી જાણી શકાય છે કે વિદ્યાર્થીને સૌથી વધુ કયા વિષયોમાં રસ છે અને તેણે કયા વિષયોની પસંદગી કરવી જોઈએ જેથી તે દિશામાં આગળ વધતા જીવનમાં સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરી પરિવાર, કુટુમ્બ, સમાજ અને રાષ્ટ્રનું નામ રોશન કરે.

જરૂરત છે યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શનની અને તેને યોગ્ય રાહ તરફ લઈ જવા આપણી જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, યુવા મંડળ અને મહિલા મંડળના થનગનતા યુવાઓ આ બાબતે આપણી સહાય કરવા તત્પર હોય છે. તો તેમની સેવાને બિરદાવી. વિદ્યાર્થીઓને અગ્રસર થઈ આવી શિબીરોમાં ભાગ લેતાં કરીએ અને સશક્ત, સમજુ, જ્ઞાનસભર સમાજની રચના કરીએ એ જ અભિલાષા સાથે...

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી – કુસુમ જય રામજીયાણી સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર) દ્વારા આયોજિત

**એજ્યુકેશન કેરીઆર સેમીનાર ૨૦૨૫**

**તારીખ - ૨૫ મે ૨૦૨૫, રવિવાર**

**સેમિનારનું સંચાલન ડૉ. સુચિત્રા સુર્વે**

(Director)

ગ્રોથ સેન્ટર (આઈ) પ્રા. લિ.ની નિષ્ણાત ટીમ

Expert Team of Growth Centre (I) Pvt. Ltd.

ડૉ. સુચિત્રા સુર્વે જેમણે ''અંડરગ્રેજ્યુએટ્સમાં રોજગાર માટે સોફ્ટ સ્કિલ્સ ટ્રેનીંગ જરૂરી'' વિષયમાં મેનેજમેન્ટમાં પીએચડી કર્યું છે અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ધરાવે છે - એચઆરમાં વિશેષતા; તેણી કારકિર્દી કાઉન્સેલિંગમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા પણ ધરાવે છે. તેઓ એક લાયક MBTI (R) પ્રેક્ટિશનર અને પ્રમાણિત મનોરોગ ચિકિત્સક અને મૂલ્યાંકનકાર પણ છે. તેઓ લગભગ ૨૦ વર્ષથી વિદ્યાર્થીઓ અને વ્યક્તિઓને તેમની કારકિર્દી વિશે નિર્ણય લેવાની પ્રક્રિયા અને વ્યક્તિગત વિકાસમાં સુવિધા આપવા માટે સક્રિય છે.

* આ કારકિર્દી સેમિનારનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને વાલીઓને ધોરણ ૧૦ થી ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ કારકિર્દી વિકલ્પો વિશે માહિતી આપવાનો છે.
* આ સત્રોમાં કારકિર્દીનું આયોજન કેવી રીતે કરવું અને કારકિર્દીમાં આવતી મુશ્કેલીઓથી કેવી રીતે બચવું તે અંગેની ટિપ્સ પણ શામેલ હશે.
* ધોરણ ૧૦ અને ૧૨ (કલા, વાણિજય, વિજ્ઞાન) પછી ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો અને આગળના શિક્ષણ માટેના વૈકલ્પિક માર્ગો વિશે સામાન્ય જાગૃતી.

**સમય : સવારે ૯.૩૦ વાગે * પાટીદાર વાડી (ઘાટકોપર)**

**ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

**રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ : ૨૦ મે, ૨૦૨૫**

Registration is compoulsory for both parents and students

**રજિસ્ટ્રેશન માટે સંપર્ક કરો : અલ્પેશ પારસીયા : ૯૯૩૦૮ ૧૦૮૭૭**

**આકાશ રામજીયાણી : ૯૫૯૪૫ ૯૬૫૫૫**

**લી. પ્રમુખ : મયુર તુલસીદાસ સેંઘાણી**

**મહામંત્રી : હેનાલી પુનિત પારસીયા**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ (ઘાટકોપર) દ્વારા આયોજિત

## ***** હસગુલ્લા *****

બાળકો દર વર્ષની જેમ ફરી એકવાર તૈયાર થઈ જાઓ હસગુલ્લા સાથે એક આખો દિવસ ધમાકેદાર સ્થળ પર નોન સ્ટોપ ધમાલ મસ્તી સાથે અદ્‌ભૂત એક્ટિવિટિસ કરવા.

**મુખ્ય આકર્ષણ : * સ્પ્લેશ એકવા વોટર પાર્ક * ફોમ પાર્ટી * ટેમ્પોલીન પાર્ક * ગો કર્ટિંગ * વોર ઝોન * મિરાજ મ્યુઝિયમ**

**તારીખ - ૪ જુન, ૨૦૨૫, બુધવાર**

**સ્થળ : થ્રીલવિલે એન્ટરટેઈનમેન્ટ ઝોન (વસઈ)**

**ફી : રૂા. ૧૨૦૦/-**

* (એન્ટ્રી ફી સાથે સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજનો નાસ્તો અને ટ્રાવેલ બધું જ ખર્ચમાં સામેલ છે.
* ઓનલાઈન પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ છે.
* વય મર્યાદા - ૭ થી ૧૫ વર્ષના બાળકો.
* સમય : સવારે ૭.૪૫ વાગે પાટીદાર વાડી (ઘાટકોપર)

**તો ચાલો બાળકો નામ લખાવવાનું ચૂકશો નહીં.**

**નામ લખાવવા માટેની છેલ્લી તારીખ : ૨૦ મે, ૨૦૨૫**

**સંપર્ક કરો : હિના લીંબાણી - ૮૭૭૯૦૪૬૪૪૦**

**જ્યોતિ પારસિયા - ૯૯૬૭૪૬૮૧૧૬**

**લી. પ્રમુખ : કુસુમબેન રાજીયાણી - મંત્રી : મનિષાબેન વેલાણી**

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાત સમાજ (મુંબઈ)

આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂા. ૫ લાખની મેડીકલ સહાય સેન્ટ્રલ ગવર્નમેન્ટ તરફથી આપવામાં આવે છે, તેનો લાભ લેવા ઘાટકોપર સમાજ તરફથી પહેલ કરવામાં આવેલ છે, જેમા પરિવારના બધા સભ્યોના આયુષ્યમાન કાર્ડ બનાવવામાં આવશે.

**આયુષ્યમાન કાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો**

૧) પરિવારના દરેક સભ્યોના આધારકાર્ડ, મોબાઈલ નંબર સાથે લિંક હોવા જરૂરી છે.

૨) પરિવારનું રેશનકાર્ડ, આધાર કાર્ડ સાથે લિંક હોવું જરૂરી છે.

**રેશનીગ કાર્ડ, આધાર કાર્ડ સાથે લિંક કરવા નીચે જણાવ્યા પ્રમાણે દસ્તાવેજ જરૂરી છે.**

૧) રેશનીંગ કાર્ડની પ્રથમ, બીજા અને છેલ્લા પેજની ઝેરોક્ષ.

૨) દરેક સભ્યોના આધાર કાર્ડની ઝેરોક્ષની પાછળ લિંક મોબાઈલ નંબર લખેલ કોપી.

રેશનીંગ કાર્ડને આધારકાર્ડ સાથે લિંક કરવા માટે ઉપરોક્ત જણાવેલ દસ્તાવેજો પાટીદાર વાડી ખાતે તા. ૧૮-૦૫-૨૦૨૫ રવિવારના સવારે ૯.૦૦ થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૭.૦૦ દરમિયાન જમા કરાવવાના રહેશે.

આયુષ્યમાન કાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો સાથે તા. ૨૨-૦૬-૨૦૨૫ના રવિવારના સવારે ૯.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ઘાટકોપર વાડી ખાતે કેમ્પ રાખેલ છે. ઘાટકોપર સમાજના દરેક પરિવારોને આ કેમ્પનો લાભ લેવા વિનંતી.

**નોંધ : આ કેમ્પ સર્વ જ્ઞાતી માટે આવકાર્ય છે.**

અનુસંધાન પાના નં. ૩ પર...

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086. Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Union Bank, Ghatkopar (West), Mumbai - 400 086.